સુવિચાર : અનુભવની શાળામાં જે પાઠ શીખવામાં આવે છે.. તે પુસ્તકો અને વિશ્વવિદ્યાલયમાં નથી મળતાં - જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૯૮ | ૧૭ જૂન, ૨૦૧૫, બુધવાર ; અષાઢ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



નરેન્દ્ર મોદીના નામે બિહારમાં ચૂંટણી લડવા ભાજપની જાહેરાત

Page-6

# મનપાનું અંદાજપત્ર સાત મિનિટમાં પસાર

## કોંગી સભ્ય પ્રવિણ પટેલ બોલતા રહ્યા અને બહુમતિથી બજેટ પસાર કરાયાની મેયરે જાહેરાત કરી સભાની કાર્યવાહી સંપન્ન થઈ હોવાનું જાહેર કર્યું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે શ્રીમતિ હંસાબેન મોદીની અધ્યક્ષતામાં મળેલ સામાન્યસભાએ સાત જ મિનિટમાં વર્ષ ૨૦૧૫-૧૬નું બજેટ પસાર કરવાની ઔપચારિકતા સંપન્ન કરી હતી.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીની અધ્યક્ષતામાં મળેલ પ્રથમ સામાન્ય સભાનો પ્રારંભ વંદેમાતરમ્‌ના ગાન સાથે થયો હતો. આ પછી બજેટ અંગે શ્રીમતિ હંસાબેન મોદીએ સભાને સંબોધતાં જણાવ્યું હતું કે બજેટ સર્વગ્રાહી અને વિકાસલક્ષી તૈયાર કરી આપવા માટે તંત્ર અભિનંદનને પાત્ર છે. તેમણે જણાવ્યું હતું કે વિકાસ એ જ અગ્રતા છે અને તે માટે વિવાદ હોઈ શકે નહિ.





આ પછી સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલે બજેટની મહત્વની જોગવાઈઓ દર્શાવી સભ્યોની ગ્રાન્ટમાં રૂ. એક લાખનો વધારો સુચવાયો હોવા સહિતની વિગતો રજુ કરી હતી.

કોંગીના શ્રી હસમુખ મકવાણાએ દરેક સભ્યને ચર્ચામાં ભાગ લેવા અને ચર્ચા માટે પુરતો સમય આપવાની માંગ કરી હતી.

સ્થાયી સમિતિના ચેરમેનના પ્રવચન પછી કોંગ્રેસમાંથી ચર્ચા માટે પ્રવિણ પટેલને રજુઆત કરવા મેયરે જણાવ્યું હતું.

શ્રી પ્રવિણ પટેલે લેન્ડ ફિલ્ડ સાઈટ માટે દરેક વખતે જોગવાઈઓ કર્યા પછી કોઈજ પ્રકારની કામગીરી થતી નહિ હોવાનું જણાવી વિરોધ વ્યક્ત કરી ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટના અસરકારક અમલીકરણની માંગ કરી હતી. જો કે મેયરશ્રીએ તેમને અધવચ્ચે જ અટકાવતાં કહ્યું કે બજેટ પર ચર્ચા કરો સૂચનો માટે અલગથી બેઠક બોલાવીશુ. જો કે શ્રી પટેલે બોલવાનું ચાલુ રાખતાં તેમણે તુરત જ શ્રી પટેલની દરખાસ્તો મત પર મુકી ફગાવી દેવાઈ હોવાની જાહેરાત કરી હતી.

આ પછી બજેટની રાકેશ પટેલે રજુ કરેલી દરખાસ્ત મત માટે રજુ કરી હતી જે ૧૫ વિરૂદ્ધ ૧૩ મતે પસાર થયેલી જાહેર કરી બજેટ પસાર થવાની અને સભાનું કામકાજ પૂર્ણ થયાનું જાહેર કર્યું હતું.

મેયરના એકાએક બદલાયેલા વલણથી અચંબિત બનેલા કોંગી સભ્યો વિરોધ કરવા ઉભા થયા પણ ત્યાં સુધીમાં તો કમિશનર અને ભાજપના સભ્યો ગૃહ છોડી ચુક્યા હતા.

આથી રોષે ભરાયેલા કોંગી સભ્યોએ ગૃહમાં સમાંતર બેઠક યોજી તેમજ દેખાવો કરી ડાયરીઓ ફાડી અને સૂત્રોચ્ચાર કર્યા હતા.

## તંત્ર વિપક્ષના કાઉન્સીલરોને અન્યાય કરી રહ્યું છે : કોંગી કાઉન્સીલરો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના વિવિધ સેક્ટરોના કોમન પ્લોટમાં પેવર બ્લોક નાખવાની કામગીરીમાં ભ્રષ્ટાચાર, આર.ટી.આઈ. ના જવાબો સમય મર્યાદામાં આપો, સદસ્યની ગ્રાન્ટ જે તે નાણાંકીય વર્ષમાં જ વપરાવી જોઈએ, સોલાર લાઈટના થાંભલા પર નામ લખો, ગ્રામીણ વિસ્તારમાં સુખ-સુવિધાના કામો ઝડપથી શરૂ કરો નહિ તો આંદોલન કરીશુ તેવી વિવિધ બાબતોને લઈ આજે કોંગીના કાઉન્સીલરો મ્યુનિ. કમિશનર શ્રી ચૌધરીને મળ્યા હતા.



કોંગીના કાઉન્સીલરો હર્ષજીત પંડ્યા, જીતુ રાયકા, શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખ મકવાણા, ચીમન વિંઝુડા, અશ્વિન વ્યાસે ખુબજ આક્રમક રજુઆતો કરી હતી.

કોંગી સભ્યોના વિસ્તારમાં પેવર બ્લોક નાખવામાં માર્ગ-મકાન વિભાગની મંજૂરીનું કારણ આગળ ધરવામાં આવે જ્યારે ભાજપના કાઉન્સીલરોને ત્યાં રાતોરાત કામ થાય જે અન્યાય છે.

પેવર બ્લોકની કામગીરીના ટેન્ડરને લઈ પણ રજુઆત કરતાં કોંગી સભ્યોએ જણાવ્યું હતું કે ઈ.ટેન્ડર આપોઆપ રદ કેમ થયું? કોન્ટ્રાક્ટરોને બારોબાર કાપની ફાળવણી કોને ઈશારે થઈ ? આ બધામાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ કર્યા હતા.

શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલે આર.ટી.આઈ.ના જવાબ સમય-મર્યાદામાં નહિ મળતા હોવાનું તેમજ ચીમન વિંઝુડા અને જીતુ રાયકાએ તેમના લખેલા પત્રોના જવાબ આપવાની ચિંતા પણ તંત્રએ નહિ કરી હોવા અંગે રોષ વ્યક્ત કર્યો હતો. અશ્વિન વ્યાસે જે તે વર્ષની વિકાસની ગ્રાન્ટ જે તે વર્ષમાં જ વપરાય તેવો આગ્રહ કરી એક નીતિ તૈયાર કરવા જણાવ્યું હતું.

શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખ મકવાણા, અશોક શ્રીમાળી સહિતના સભ્યોએ ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો ઉકેલવામાં તંત્રના ઠાગાઠૈયા સામે નારાજગી વ્યક્ત કરી આંદોલનની ચીમકી આપી હતી. તેમણે ગ્રામ્ય વિસ્તારમાં પણ પેવર બ્લોક અને સોલાર લાઈટના કામો સત્વરે હાથ ધરવા માંગ કરી હતી.

સભ્યોની રજુઆતો સાંભળી કમિશનરશ્રી ચૌધરીએ શક્ય તેટલી ઝડપી અને જરૂરી કાર્યવાહીની ખાત્રી આપી હતી.

## સામાન્ય સભાની સાથે સાથે

### મેયર સહિત ચાર ભાજપના નિયુકત હોદ્દેદારોની પ્રથમ બેઠક હતી : પક્ષના નેતા બીજી હરોળમાં બેઠા : ફાયર બ્રિગેડના અધિકારીઓએ સભાખંડની ચકાસણી કરી

- ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપના મહિલા મેયર હંસાબેન મોદી, ડે. મેયર કાર્તિક પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન રાકેશ પટેલ તથા પક્ષના નેતા ગોવિંદભાઈ પરમારની આ પ્રથમ બેઠક હતી.
- પક્ષના નેતા ગોવિંદભાઈ પરમાર બીજી હરોળમાં બેઠા હતા તો પૂર્વ મયેર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે પ્રથમ હરોળમાં બેઠા હતા.
- આજની સામાન્ય સભામાં કોંગીના બે મહિલા સભ્યો તેમજ ભાજપના બે સભ્યો ગેરહાજર રહ્યા હતા.
- કોંગીના સભ્યોએ ડાયરી ફાડી તેમજ પ્લેકાર્ડ દર્શાવી મેયર અને અધિકારીઓ જતા હતા ત્યારે વિરોધ દર્શાવ્યો હતો.
- મેયર હંસાબેન મોદીએ આજે પ્રવિણ પટેલનું પ્રવચન ચાલુ હતુ તે દરમિયાન જ દરખાસ્તો મત પર મુકી વિપક્ષને સમયના માર્કસ ના આપી નાપાસ જાહેર કર્યા હતા.
- સામાન્ય સભા પૂર્વે ભાજપના કાઉન્સીલરોની બેઠક મેયરની હાજરીમાં મળી હતી અને વ્યુહરચના નિયત કરી હતી.
- કોંગી સભ્યો આજે ચર્ચાના મુડમાં હતા પરંતુ બધી મનની મનમાં રહી ગઈ.
- પૂર્વ ડે. મેયર શ્રી સુભાષ પાંડવ છેલ્લી લાઈનમાં જઈ બેઠા હતા.
- સભા પૂર્વે સલામતિના મુદ્દે એક પોલીસ અધિકારી પૃચ્છા કરવા કોંગી સભ્યો પાસે ગયા તો સભ્યો ઉશ્કેરાઈ ગયા હતા.
- સભા પૂર્વે ફાયર બ્રિગેડના જવાનોએ સભાખંડની ચકાસણી કરી હતી.

## સભ્યોમાં પ્રવર્તતી અન્યાયની લાગણીને ન્યાય આપી દૂર કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૬

તંત્ર એ અન્યાય કર્યો છે તેવી સભ્યોની લાગણી છે આ બાબતમાં જરૂરી તપાસ કરી જવાબદારો સામે પગલાં લઈ સભ્યોને ન્યાય આપવામાં આવશે તેમ સમાંતર સામાન્ય સભામાં મેયર બનેલ કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે જણાવ્યું હતું.

**સમાંતર સભામાં મેયર પિન્કીબેન પટેલે સભ્યોની લાગણી સ્વીકારી જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેશે તેમ જણાવ્યું સમાંતર સભા પણ ૧૫ મિનિટ માંડ ચાલી : કોંગી સભ્યોએ મનપાની ડાયરીઓ ફાડી : પ્લેકાર્ડ બતાવ્યા**



સાત મિનિટમાં જ મેયરે બહુમતિથી બજેટ પસાર કરાયાની જાહેરાત સાથે સામાન્યસભા પૂર્ણ થયાની જાહેરાત કરતાં કોંગી કાઉન્સીલરોએ સમાંતર સામાન્ય સભા સભાખંડમાં જ યોજી હતી.

સમાંતર સભામાં શ્રી જીતુ રાયકાએ બોલતાં કોંગી કાઉન્સીલરોના સેકટરોમાં વિકાસ કામો કરવામાં તંત્ર દ્વારા અન્યાય થતો હોવાની લાગણી વ્યકત કરી પેવર બ્લોકના કામો ટલ્લે ચડાવાયા હોવાની, ડોર ટુ ડમ્પીંગ પ્રોજેકટનો અમલ અસરકારક નહિ થતો હોવાની રજુઆત કરી હતી.

કોંગી નેતા શ્રી ચીમનભાઈ વિઝુંડાએ પણ લેન્ડ ફિલ્ડ સાઈટની જગ્યા ફળવાયાને સમય થતો પરંતુ નક્કર કાર્યવાહી કરવામાં તંત્ર ઉણુ ઉતર્યું હોવાનું જણાવ્યું હતું.

યુવા સભ્ય હર્ષજીત પંડયાએ મિલ્કત વેરા માટેની આકારણીને લઈ રિસર્વે માટે નાણાં વધુ ફાળવી પ્રજાની તિજોરી લૂંટવાનો કારસો રચાયો હોવાના આક્ષેપ કર્યા હતા.

શ્રી હસમુખ મકવાણા, શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના કામો હાથ નહિ ધરીને અન્યાય કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.

સમાંતર સામાન્ય સભા પણ ૧૦થી ૧૫ મિનિટમાં જ પૂર્ણ થઈ હતી. મેયરે તંત્ર એ અન્યાય કર્યો હોવાની સભ્યોની લાગણીને સ્વીકૃતિ આપી વિકાસના કામોમાં રોડા નાખનાર જવાબદારો સામે પગલાં લેવાની ખાત્રી આપી બેઠક પૂરી થયેલી જાહેર કરી હતી.

આ પહેલાં કોંગી સભ્યોએ કોર્પોરેશનની ડાયરીઓ ફાડી અને પ્લેકાર્ડ આપી વિરોધ દર્શાવ્યો હતો તેમજ સભાખંડમાં તે કચરો નાંખ્યો હતો.

કોંગી સભ્યોએ આ પછી ભાજપ તેરી દાદાગીરી નહિ ચલેગીના સૂત્રોચ્ચાર કર્યો હતો. જો કે આજે કોંગ્રેસ પક્ષના સભ્યોએ સભાના પ્રારંભમાં ચર્ચા માટે સમયની માંગણી કરી હતી પરંતુ મેયરની શાબ્દીક રમતમાં જબરા ફસાઈ ગયા હતા.

## ઘેરાયેલા વાદળા ન વરસતા બફારો વધ્યો



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૬

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં મેઘાની એન્ટ્રી થઈ ચુકી છે. ગાંધીનગરમાં છેલ્લા ઘણા દિવસોથી વરસાદી વાતાવરણ બંધાય છે પરંતુ વરસાદ પડતો નથી. વરસાદ ન પડતા બફારો વધતો જાય છે.

ચોમાસાની ઋતુનો પ્રારંભ થઈ ચુકયો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં સારો એવો વરસાદ પડયો છે. જો કે ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારો હજુ વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ગાંધીનગરમાં છેલ્લા ઘણા દિવસોથી વરસાદી વાતાવરણ બંધાઈ રહ્યું છે. આકાશમાં વાદળો ઘેરાઈ આવે છે. અને ઠંડો પવન શરુ થઈ જાય છે. હમણાં વરસાદ પડશે તેવા વાદળો ઘેરાય છે. જો કે રાહ જોવા છતાં શહેરમાં હજુ સુધી નોંધપાત્ર વરસાદ પડયો નથી. વાદળોના ઘેરાવાના કારણે તાપમાનનો પારો નીચો આવ્યો છે. મહત્તમ તાપમાન ૩૭.૨ ડિ.સે. સુધી પહોંચ્યું છે જયારે લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડિ.સે. નોંધાયું છે.

જયારે ભેજનું પ્રમાણ સવારે ૬૯ ટકા અને સાંજે ૫૭ ટકા નોંધાતા પરસેવો ખુબ થાય છે. ઘરની બહાર સહેજ નીકળો તો પરસેવે રેબઝેબ થઈ જવાય છે.પંખા અને એરકુલરની હવા જરાય અસર કરતી નથી. ગરમી અને બફારાથી રાહત મેળવવા વસાહતીઓ વરસાદની રાહ જોઈ રહ્યા છે.


CCTV

બેંક, સ્કૂલ, કૉલેજ, જ્વેલર્સ, રેસીડેન્સ, ઓફીસ, શો-રૂમ વગેરે જગ્યાએ

CCTV કેમેરા



IP Camera, IR Speed Dome Camera, IP Dome Box type Camera, Power Supply, DVR etc.

CCTV કેમેરા લગાડવા માટે સંપર્ક કરો.

APEX ELECTRONICS

E-236, GIDC, Sector-26, Gandhinagar. Ph. 79-23287800
Mo. 7600044511, 9974003830, 98250 42439
Email : apexelectronics@yahoo.com






Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740



૧ થી ૩૦ સેક્ટર માટે

આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧